ભાવનગર-અમદાવાદ હાઈવે પર ગમખ્વાર અકસ્માત : ૧૯નાં મોત

સિમેન્ટ ભરેલ ટ્રક પલ્ટી ખાઇ જતા તમામના મોત : મૃત્યુ પામેલાઓમાં ૧૨ મહિલાઓ અને ત્રણ બાળકોનો સમાવેશ : ટ્રક ડ્રાઈવર પલાયન : ઉંડી શોધ

અમદાવાદ,તા. ૧૯

ગુજરાતમાં ભાવનગર-અમદાવાદ હાઈવે પર આજે વહેલી સવારે થયેલા એક ગમખ્વાર અકસ્માતમાં ઓછામાં ઓછા ૧૯ લોકોના મોત થયા હતા અને સાત લોકો ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા સાત લોકો પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે તરત જ હાથ ધરવામાં આવી હતી.

ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. કાળમુખા વધુ એક ટ્રકે મોતનુ તાંડવ સર્જયુ હતુ. જેમાં ૧૯ શ્રમજીવી લોકોના મોત થયા હતા. વહેલી સવારે આ અકસ્માત થયો હતો. પ્રાપ્ત માહિતી મુજબ અમદાવાદ-વડોદરા તરફ જતી એક સિમેન્ટ ભરેલી ટ્રક એકાએક પલટી ખાઈ ગઈ હતી. જેના કારણે ભારે અફડાતફડી મચી ગઈ હતી. ટ્રક્ પલટી ખાઈ જતા તળાજાના સરતાનપર ગામના શ્રમજીવી લોકો દટાઈ ગયા હતા.બનાવની જાણ થયા બાદ તરફ જ પોલીસ અધિકારીઓ તેમના કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. સાથે સાથે બચાવ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી. અકસ્માત એટલે ગંભીર હતો કે ૧૮ લોકોના મોત ઘટનાસ્થળે જ થઇ ગયા હતા. જ્યારે અન્ય એક વ્યક્તિનુ મોત હોસ્પિટલમાં સારવાર દરમિયાન થયુ હતુ. અકસ્માતમાં ઘાયલ થયેલા સાત લોકોને સારવાર માટે ભાવનગરમાં સર ટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સરતાનપર ગામની મજુરોની ટુકડી આમાં શિકાર થઇ છે. પોલીસ અને ૧૦૮ સહિતની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી. મૃત્યુ પામેલા તમામ લોકો તળાજાના હોવાના હેવાલ મળ્યા છે. મૃત્યુ પામેલાઓમાં બાળકોનો પણ સમાવેશ થાય છે.

આ ઉપરાંત મોટી વયના લોકો અને મહિલાઓનો પણ સમાવેશ થાય છે. જાણકારી મુજબ ધોલેરા-ભાવનગર રોડ પર સ્થિત ભાવળિયારી ગામ નજીક રાત્રે અઢી વાગેની આસપાસ આ બનાવ બન્યો હતો. ટ્રક્ વડોદરા તરફ જઇ રહી હતી. મૃત્યુ પામેલા તમામ લોકો ટ્રકમાં મુસાફરી કરી રહ્યા હતા. આ લોકો મહુલાના સરતાનપર ગામના મજુરો હતા. અકસ્માત થયો ત્યારે ટ્રકમાં આશરે ૩૦ મજુરો હોવાની માહિતી મળી છે. મૃત્યુ પામેલા લોકો મોટા ભાગે એક એક પરિવારના સભ્યો હોવાની વિગત મળી છે. ગમખ્વાર અકસ્માત ટ્રકની વધારે ગતિના કારણે થયો કે પછી ડ્રાઈવરે કાબુ ગુમાવી દેવાના કારણે થયો તેમાં પણ તપાસ હાથ ધરવામાં આવી છે. તપાસના આદેશ પણ કરવામાં આવ્યા છે. ગુજરાત સરકારે બનાવ અંગે દુખની લાગણી વ્યક્ત કરી છે. અકસ્માત અંગે જાણ થતા આસપાસના લોકો પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આ સ્થાનિક લોકોએ બચાવ અને રાહત કામગીરીમાં તંત્રની મદદ કરી હતી. તાજેતરના સમયનો આ સૌથી મોટો માર્ગ અકસ્માત છે. બનાવ બન્યા બાદ વહીવટીતંત્રના અધિકારીઓએ રસ્તા પર થોડાક સમય માટે નાકાબંધી કરી હતી. પોલીસે મૃત્યુ પામેલા લોકોની ઓળખ વિધી શરૂ કરી હતી. સવાર સુધીમાં તમામ લોકોની ઓળખ કરી લેવામાં આવી હતી. એક સાથે ૧૯ લોકોના મોત થયા તળાજામાં આઘાતનુ મોજુ ફરી વળ્યુ હતુ. સિમેન્ટની બોરીઓ ટ્રક પલટી ખાઈ જતા હાઈવે પર વિખેરાઈ ગઈ હતી. જેથી અન્ય વાહનોની લાઈન પણ લાગી ગઈ હતી. અકસ્માતમાં મૃત્યુ પામેલાઓમાં ૧૨ મહિલાઓ અને ત્રણ બાળકોનો સમાવેશ થાય છે. સાંકડા રસ્તા ઉપર આ દુર્ઘટના થઈ હતી. ટ્રકમાં ક્ષમતા કરતા વધારે સિમેન્ટની બોરીઓ હોવાના કારણે પણ દુર્ઘટના થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. ભોગ બનેલા તમામ લોકો મહુવા ક્રોસ રોડથી મોડી રાત્રે ૧૧.૩૦ વાગ્યે ટ્રકમાં બેઠા હતા. ટ્રકમાં બેઠેલા લોકો સાણંદના ખેતરોમાં કામ કરવા જઈ રહ્યા હતા. જ્યાં અકસ્માત સર્જાયો ત્યાં હાલમાં એક નાનકડા પુલનું નિર્માણકામ પણ ચાલી રહ્યું હતું. પોલીસના કહેવા મુજબ દુર્ઘટના બાદ ફરાર થયેલા ટ્રક ડ્રાઈવરને શોધી કાઢવા માટેના પ્રયાસો ચાલી રહ્યા છે.

ફરાર થયેલા ટ્રક ડ્રાઈવરને મજુરોએ સાણંદ જવા માટે ૧૨૦૦ રૂપિયા આપ્યા હતા. પોલીસે ટ્રકને જપ્ત કરીને વધુ તપાસ હાથ ધરી છે. ફરાર થયેલા ડ્રાઈવરની ધરપકડ થયા બાદ જ વધુ માહિતી મળી શકશે. બનાવની જાણ તેમના ગ્રામીણ વિસ્તારમાં થતા આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. આ તમામ લોકો ભાવનગરના તળાજા તાલુકાના સરતાનપુર ગામના નિવાસી હોવાનું જાણવા મળ્યું છે.

દુર્ઘટનામાં માર્યા ગયેલાની યાદી

ગુજરાતમાં ભાવનગર-અમદાવાદ હાઈવે પર આજે સવારે થયેલા એક ગમખ્વાર અકસ્માતમાં ઓછામાં ઓછા ૧૯ લોકોના મોત થયા છે અને સાત લોકો ઘાયલ થયા છે.

- કાજલબેન બારૈયા (ઉંમર વર્ષ ૨૨, રહે, તળાજા)
- શોભાબેન મેર (ઉંમર વર્ષ, ૩૨, રહે. સરતાનપુર, તળાજા)
- ભોલુ મેર (ઉંમર વર્ષ ૬, રહે. સરતાનપર, તળાજા)
- પાયલબેન બારૈયા (ઉંમર વર્ષ ૨૫, રહે. પાદરી, તળાજા)
- ભોલુભાઈ ડાભી (ઉંમર વર્ષ ૧૪, રહે. સરતાનપર, તળાજા)
- મમતાબેન ચૌહાણ (ઉંમર વર્ષ ૧૭, રહે. તળાજા)
- હરીભાઈ બારૈયા (ઉંમર વર્ષ ૨૮, રહે. પાદરી, તળાજા)
- કાનુબેન વેગડ (ઉંમર વર્ષ ૫૦, રહે. પાદરી, તળાજા)
- લખીબેન મકવાણા (ઉંમર વર્ષ ૫૨, રહે. સરતાનપર, તળાજા)
- હંસા બેન બારૈયા (ઉંમર વર્ષ ૪૦, રહે. તળાજા)
- કૈલાશ બેન ડાભી (ઉંમર વર્ષ ૩૨, રહે. સરતાનપર, તળાજા)
- આશાબેન ડાભી (ઉંમર વર્ષ ૪૦, રહે. સરતાનપર, તળાજા)
- લાભુબેન ડાભી (ઉંમર વર્ષ ૫૦, રહે. પાદરી, તળાજા)
- મયુરભાઈ ડાભી (ઉંમર વર્ષ ૩૩, રહે. સરતાનપર, તળાજા)
- કમલેશ ભાઈ ડાભી (ઉંમર વર્ષ ૧૨, રહે. સરતાનપર, તળાજા)
- હિરલબેન વેગડ (ઉંમર વર્ષ ૧૩, રહે. સરતાનપર, તળાજા)
- મધુબેન ચુડાસમા (ઉંમર વર્ષ ૪૦, રહે. સરતાનપર, તળાજા)
- ભુરાભાઈ મકવાણા (ઉંમર વર્ષ ૫૦, રહે. સરતાનપર, તળાજા)

અમદાવાદ-ભાવનગર માર્ગ પરના ગંભીર અકસ્માતના મૃતકોને ચાર લાખ સહાય

મૃતકો પ્રત્યે દિલસોજી શોકની લાગણી વ્યકત કરતા વિજયભાઇ રૂપાણી ટ્રક અંગેની સંપૂર્ણ તપાસ માટે મુખ્યમંત્રીની તંત્રવાહકોને સૂચના

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ અમદાવાદ-ભાવનગર માર્ગ પર બાવલીયારી ગામ નજીક ટ્રકના થયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતમાં જાન ગુમાવનારા નિર્દોષ વ્યકિતઓ પ્રત્યે દિલસોજી અને શોકની લાગણી વ્યકત કરી છે.

વિજયભાઈ રૂપાણીએ આ અકસ્માતમાં મૃત્યુ પામેલા વ્યકિતઓને પ્રત્યેકને રૂ. ૪ લાખની સહાય તેમજ ઈજાગ્રસ્તોને રૂ. ૫૦ હજારની સહાય આપવાની પણ જાહેરાત કરી છે.

મુખ્યમંત્રીએ આ ગંભીર દુર્ઘટના અંગે ટ્રક ચાલક-ટ્રક માલિકની સંપૂર્ણ તપાસ માટે પણ તંત્રવાહકોને સૂચના આપી છે.

મોડાસા ચાર રસ્તા પાસે પાણીની લાઈનમાં ભંગાણ : ભર ઉનાળે ચોમાસા જેવો માહોલ

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરના ચાર રસ્તા નજીક હંગામી બસ સ્ટેન્ડ પાછળ આવેલા પ્રથમ ગેસ્ટ હાઉસ નજીક નગરપાલિકાના પીવાના પાણીની લાઈનમાં ભંગાણ સર્જાતા ભર ઉનાળે ચોમાસા જેવો ઘાટ સર્જાયો હતો. હજ્જારો લીટર પાણી રોડ પર વેડફાતા લોકોમાં નગરપાલિકાની ગંભીર બેદરકારી છતી થતા ભારે રોષ ફાટી નીકળ્યો હતો. એકબાજુ જીલ્લાના જળાશયોમાં પાણીનો જથ્થાના તળિયા દેખાઈ રહ્યા છે બીજી બાજુ માનવસર્જિત બેદરકારીના પગલે પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં સુજલામ સુફલામ જળ સંચય અભિયાન નામે કરોડો રૂપિયાના ખર્ચે ચોમાસા પહેલા પાણીના મૂળભૂત સ્ત્રોતોને ઉંડા ઉતારવા, સફાઈ કરવી, નદીઓને પુનઃ જીવિત કરવી સહિતની કામગીરી પુરજોશમાં કરવામાં આવી રહી છે. જેમાં જનભાગીદારીથી પણ કેટલાક કાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે અને પાણી બચાવો અંગે મોટી મોટી જાહેરાતો અને જનજાગૃતિના કાર્યો કરવામાં આવી રહ્યા છે. ત્યારે બીજીબાજુ મહામુલા જળનો વેડફાટ અટકાવવામાં મોડાસા નગરપાલિકા તંત્ર ઉણી ઉતરી હોવાના દ્રશ્યો જોવા મળ્યા હતા. મોડાસા શહેરના ચાર રસ્તા નજીક પાણીની લાઈનમાં અગમ્ય કારણોસર ભંગાણ સર્જાતા હજ્જારો લીટર પાણી વેડફાઈ રોડ પર ફરી વળતા ભર ઉનાળાએ નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળતા શહેરીજનો અને વાહનચાલકોમાં નગરપાલિકાની બેદરકારી અને નિષ્કાળજી સામે ઉગ્ર રોષ ફેલાયો હતો એક બાજુ જળ સંકટની ભીતિઓ સેવાઈ રહી છે અને બીજીબાજુ પાણીનો વેડફાટ થઈ રહ્યો છે નગરપાલિકા તંત્ર દ્વારા પાણીની લાઈનમાં સર્જાયેલ ભંગાણને રીપેરીંગ કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી.

પ્રાંતિજ પોલીસે ઈનોવા કારમાં લઈ જવાતો વિદેશી દારૂ પકડ્યો

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ કતપુર ટોલનાકા પાસે પ્રાંતિજ પોલીસ પેટ્રોલિંગમાં હતી તે સમયે રાજસ્થાનથી અમદાવાદ તરફ જતી ઈનોવા કારમાંથી હેવર્ડ ૫૦૦૦ સુપર સ્ટ્રોંગ બિયર ૫૦૦ એમ.એલ સાથે બે ની પોલીસે અટકાયત કરી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ અમદાવાદ- હિંમતનગર નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના કતપુર ટોલનાકા પાસે પ્રાંતિજ પોલીસ પોલીસ પેટ્રોલિંગ માં હતી તે સમયે રાજસ્થાન તરફથી આવતી કાર ઈનોવા ગાંડી નંબર- જીજે.૨૭.બીએલ. ૮૬૬૬માં વગર પાસ પરમીટ વગર મીણીયાની થેલીમાં હેવર્ડ ૫૦૦૦ સુપર સ્ટ્રોંગ બિયર ૫૦૦ એમેએલ રાજસ્થાન બનાવટનો બિયર ટીન નંગ-૪૮ કિંમત રૂપિયા-૫૭૬૦ તથા મોબાઈલ નંગ-૨ જેની કુલ કિંમત-૧૧૦૦૦ તેમજ ઈનોવા કારની કિંમત-૧૨,૦૦,૦૦૦ મળી કુલ ૧૨,૧૨,૭૬૦ના મુદ્દામાલ સાથે સુરેન્દ્રસીંગ કરતાસીંગ કોટડા રહે. ૨૭૧ સમ્રાટનગર, ઈસનપુર રોડ, મુકતજીવન સ્કુલ સામે ધોડાસર, અમદાવાદ તથા વિજય રામસંગ ગોયલ રહે. ૧૨૦ સાગર ટેનામેન્ટ, વટવા રોડ, વટવા અમદાવાદની અટકાયત કરી પ્રોહીબીશન કલમ ૬૫-ઈ,૧૧૬ (બી), ૮૧,૯૮ (૨) મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પાલનપુર-ડીસામાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

ડીસા તાલુકાના ભોયણ ગામે તેમજ પાલનપુરની ધવલપાર્ક સોસાયટીમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલવામાં પાલનપુર પશ્ચિમ પોલીસ મથકનીને સફળતા મળી છે. જેમણે પાલનપુરમાંથી ત્રણ શખ્સોને રૂપિયા ૫૧૦૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

બનાસકાંઠા જિલ્લા પોલીસવડા નિરજ બડગુજરની સૂચનાથી પશ્ચિમ પોલીસ મથકના પીઆઈ આર. કે. સોલંકી સ્ટાફ સાથે ગુરૂવારે પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન પાલનપુરના કોઝી વિસ્તારમાં પી ડબલ્યુ ડી સ્ટાફ કવાર્ટસ નજીકથી રાજસ્થાનના ભીનમાલ તાલુકાના રાજપુરા ગામના વિક્રમભાઈ કાંતિભાઈ માજીરાણા, મુળ રાજસ્થાનના બાકસર અને હાલ પાલનપુર લક્ષ્મીપુરા શેરી નં. સાતમાં રહેતા રાહુલભાઈ સાગરભાઈ પ્રજાપતિ અને રાજસ્થાનના પલેસર ગામના સુરેશભાઈ શંકરભાઈ ઘ્રાંગીને ઝડપી લીધા હતા. જેમની પાસેથી રૂપિયા ૪૦,૦૦૦નું લેપટોપ, રૂપિયા ૧૧૦૦૦ના મોબાઈલ, ચાર્જર મળી કુલ રૂપિયા ૫૧,૦૦૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. જેમની પુછતાછ કરતાં ડીસા તાલુકાના ભોયલ ગામની ગુરૂગ્રીન સોસાયટી તેમજ પાલનપુર તાલુકા પોલીસ મથકની હદમાં આવેલી ધવલપાર્ક સોસાયટીમાંથી આ મુદ્દામાલની ચોરી કરી હોવાનું કબુલ્યું હતુ. જે તમામની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પાલનપુરના લડબી નાળા પાસે ટ્રક પલ્ટી ખાતા ચાલકને ઈજા

પાલનપુર-ડીસા હાઇવે પર ટ્રક પલ્ટી ખાતા વાહન વ્યવહાર સર્વિસ રોડ પર ડાયવર્ટ કરાયો

રાજસ્થાનથી જીરાનું ભૂસુ ભરી ઉંઝા જઈ રહેલા ટ્રક ચાલકને અકસ્માત નડ્યો હતો. વહેલી સવારે પાલનપુર-ડીસા હાઈવે ટ્રક આગળ શ્વાન આવી જતા ટ્રક ચાલકે સ્ટીયરીંગ ઉપરનો કાબુ ગુમાવતા ટ્રક પલટી ખાઈ ગઈ હતી.જેથી ટ્રકમાં ભરેલ ભૂસાની બોરીઓ રોડ ઉપર ખડકાઈ ગઈ હતી.આ ઘટનાને પગલે ટ્રાફીક જામ થતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી ટ્રાફીક ખુલ્લો કરાવી ઈજાગ્રસ્તને સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.જેમાં ચાલકને સામાન્ય ઈજાઓ થઈ હતી પરંતુ ટ્રકને ભારે નુકસાન થયુ હતુ.

પાલનપુરની મહાજન પાંજરાપોળના નામે ખોટી પાવતી બનાવી પશુઓ કતલખાને ધકેલાયા હોવાની રાવ

ખોડલા ગામેથી અજાણ્યા શખ્સો છ પશુઓ લઇ ગયા, પશુ માલિકે પાંજરાપોળનો સંપર્ક કરતાં થયો પર્દાફાશ

પાલનપુર ખાતે કાર્યરત મહાજન પાંજરાપોળના નામે ખોટી પાવતી બનાવી પશુઓને પાંજરાપોળમાં લાવવાના બદલે કતલખાને ધકેલી દેવામાં આવતા હોવાના કૌભાંડનો પર્દાફાસ થતાં સમગ્ર જિલ્લામાં ભારે ચકચાર મચી જવા પામી છે. આ અંગે પશુઓ લઈ જનારા વાહનનો નંબર મળી આવતાં તેના ચાલક સામે પાલનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. જેની પોલીસ દ્વારા અટકાયત કરી આકરી પુછતાછ કરવામાં આવે તો લાંબા સમયથી મોટી સંખ્યામાં આવી રીતે અબોલ પશુઓને કતલખાને ધકેલી દીધા હોવાની સીલસીલાબંધ વિગતો બહાર આવી શકે તેમ છે.

બનાસકાંઠા જિલ્લામથક પાલનપુર ખાતે કાર્યરત મહાજન પાંજરાપોળના નામે અજાણ્યા શખ્સો દ્વારા ખોટી પાવતી બનાવી પશુઓને પાંજરાપોળમાં લાવવાના બદલે બારોબાર કતલખાને ધકેલી દેવાના વ્યવસ્થિત ચાલતા કૌભાંડનો પર્દાફાશ થવા પામ્યો છે. આ અંગે વિગતો આપતા મહાજન પાંજરાપોળના સંચાલક વર્ધાભાઈ ચેલજીભાઈ પારેખે નવ ગુજરાત સમયને જણાવ્યું હતુ કે, પાલનપુર તાલુકાના ખોડલા ગામે રહેતા હરેશભાઈ ભીખાભાઈ ઝુડાલનો બે દિવસ અગાઉ મારી ઉપર ફોન આવ્યો હતો. તેમણે મને જણાવ્યું હતુ કે, અમારા ગામમાંથી છ નાના પશુઓ તમારી પાંજરાપોળમાં મોકલ્યા છે. તે મળી ગયા કે નહિ ? જોકે, આવા કોઈ પશુઓ અહિંયા આવ્યા ન હોવાથી શંકા ઉપજી હતી. આથી ખોડલા ગામે જઈ હરેશભાઈ તેમજ સરપંચને રૂબરૂ મળી તેમની પાસે જે પાવતીઓ હતી. તે જોતા આ પાવતીઓ નકલી હોવાનું જણાયું હતુ. પાવતી ઉપર છપાયેલા સીરીજ નંબર અમારી પાવતીઓ સાથે મળતા ન હતા. આમ અમારી પાંજરાપોળના નામે નકલી પાવતી બનાવી પશુઓ બારોબાર વેચી મારવાનું કૌભાંડ આચરવામાં આવ્યું હોઈ આ અંગે પાલનપુર તાલુકા પોલીસ મથકે અરજી કરી છે.

પશુપાલકોએ વાહન નંબર નોંધી લીધો

ખોડલા ગામના રમેશભાઈ નાનજીભાઈ આકેલીયા, ભગવાનભાઈ ચેલાભાઈ જુડાલ, કાનજીભાઈ દલજીભાઈ જુડાલ, દિનેશભાઈ સવાભાઈ ભુતેડીયા, હરેશભાઈ ભીખાભાઈ જુડાલ, હજાજી સુરાજી ખોડલીયાએ પોતાના સાત નાના પશુઓ પાંજરાપોળમાં આપતી વખતે વાહન નંબર જીજે. ૨. યુ. ૫૨૪૦ નોધી લીધો હતો. તેમજ તેના ચાલકનું નામ રમેશભાઈ તેમજ સાથે રહેલો શખ્સ ભીખાભાઈ હોવાનું જણાવ્યું હતુ. આથી મહાજન પાંજરાપોળના સંચાલકે વાહન નંબર અને તેની સાથે રહેલા શખ્સો સામે કાર્યવાહી કરવા પોલીસ મથકે અરજી કરી હતી.

બાજપાઈવાળી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કહ્યું હતું કે કદાચ પહેલા વખત કોઈ વડાપ્રધાને મુખ્યમંત્રી પદના ઉમેદવાર નક્કી કર્યા હતા. ૧૫મી મેના દિવસે મતગણતરી થયા બાદ અને પરિણામ જાહેર થયા બાદથી

કર્ણાટકની રાજકીય ગરમીને લઈને દેશમાં જોરદાર રાજકીય ગરમી જામી હતી. યેદીયુરપ્પાના રાજીનામા બાદ હવે કોંગ્રેસ-જેડીએસના પોસ્ટ પોલ એલાયન્સ માટે રસ્તો સાફ થઈ ગયો છે. જેડીએસના કુમારસ્વામી કર્ણાટકના આગામી મુખ્યમંત્રી બનવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. રાજીનામું આપતા પહેલા ગૃહના ફ્લોર ઉપર યેદીયુરપ્પાએ ભાવનાશીલ નિવેદન કર્યું હતું. નવા ચૂંટાયેલા ગૃહમાં ભાજપની સામે પુરતી સંખ્યાના સભ્યો ન હતા. મુખ્યમંત્રી તરીકે તેઓ રાજીનામું આપવા જઈ રહ્યા છે તેમ કહેતા યેદીયુરપ્પાએ કહ્યું હતું કે તેઓ રાજભવન જશે અને રાજીનામું સુપરત કરશે. યેદીયુરપ્પાએ એમ પણ કહ્યું હતું કે તેઓ સમગ્ર કર્ણાટકમાં ફરશે અને લોકોનો વિશ્વાસ જીતવા માટે પ્રયાસ કરશે. તેમણે એમ પણ કહ્યું હતું કે અમને રાજ્યભરમાં જોરદાર પ્રેમ મળ્યો હતો. ૨૦૧૯ માટેની વાત કરતા તેમણે કહ્યું હતું કે અમે લોકસભાની તમામ ૨૮ બેઠકો પૈકી ૨૮ બેઠકો જીતીશું. તેઓ કર્ણાટકના લોકો માટે હંમેશા લડત ચલાવતા રહેશે. પોતાના ભાષણમાં વિધાનસભામાં યેદીયુરપ્પાએ આ મુજબની વાત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે દેશમાં ઈમાનદાર નેતાઓની જરૂર દેખાઈ રહી છે. અત્રે નોંધનિય છે કે કર્ણાટકમાં ૨૨૪ સભ્યોની વિધાનસભામાં ૨૨૨ સીટ પર ચૂંટણી થઈ હતી. આમાંથી જેડીએસના નેતા કુમારસ્વામી બે સીટ ઉપર જીતી ગયા હતા. આ દ્રષ્ટીથી બહુમત ૨૨૧ સીટ પૈકી ૧૧૧ ઉપર રાખવામાં આવ્યો હતો. ભાજપની પાસે ૧૦૪ સભ્યો હતા. જ્યારે પોસ્ટ પોલ એલાયન્સનો દાવો કરી ચુકેલા કોંગ્રેસ અને જેડીએસ અને અન્ય એક ધારાસભ્ય મળીને ૧૧૮ સભ્યો થઈ રહ્યા હતા. કર્ણાટકમાં આ હાઈપ્રોફાઈલ મામલો સુપ્રિમ કોર્ટ સુધી પહોંચ્યો હતો. રાજ્યપાલે જ્યારે સૌથી મોટી પાર્ટી તરીકે ભાજપને સરકાર બનાવવા માટે બોલાવી ત્યારે કોંગ્રેસ અને જેડીએસએ શપથને રોકવા માટે સુપ્રિમ કોર્ટમાં રજુઆત કરી હતી. સુપ્રિમ કોર્ટે શપથ ગ્રહણને રોકવા માટે ઈનકાર કરી દીધો હતો પરંતુ બહુમત સાબિત કરવા માટે ૧૪ દિવસની અવધિને ઘટાડીને માત્ર એક દિવસ કરી દીધી હતી.

વિમાન ક્રેશ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કાટમાળ વિખેરાઈ ગયુ હતુ. ઘટનાસ્થળ નજીક રેસ્ટોરન્ટ ચલાવનાર એક વ્યક્તિએ કહ્યુ હતુ કે જોરદાર ધડાકાનો અવાજ આવ્યો હતો. ત્યારબાદ આગ ફાટી નિકળી હતી. હવાનાની કાલિક્સ્ટો ગરસિયા હોસ્પિટલના ડિરેક્ટર દ્વારા જણાવવામાં આવ્યુ છે કે અકસ્માતમાં ભોગ બનેલા અનેક લોકોને અહીં લાવવામાં આવ્યા છે. હોસ્પિટલમાં લાવવામાં આવેલી કેટલીક મહિલાઓની હાલત ગંભીર જણાવવામાં આવી છે. વિમાનમાં મુસાફરી કરી રહેલા નાગરિકોની નાગરિતા અંગે હજુ માહિતી મળી શકી નથી. જો કે તમામ ક્રુ મેમ્બરો તો વિદેશી હતા. વધારે માહિતી મળી શકી નથી. ફ્લાઈટ ટ્રેકિંગ વેબસાઈટમાં કહેવામાં આવ્યુ છે કે ફ્લાઈટ સીયુ ૯૭૨ હતી. જે સ્થાનિક સમય ૧૧ વાગે રવાના થનાર હતી. બીજી બાજુ મેક્સિકન સરકારે કહ્યુ છે કે વિમાન બોઈંગ ૭૩૭-૨૦૧૧ હતુ. જે વર્ષ ૧૯૭૯માં બન્યુ હતુ. તે ૩૯ વર્ષ જુનુ વિમાન હતુ. ક્યુબામાં જુના વિમાનોના ઉપયોગને લઈને હાલમાં વ્યાપક ફરિયાદો ઉઠી રહી હતી. આને લઈને રજુઆત કરવામાં આવ્યા બાદ સર્વોચ્ચ સ્તરે રજુઆત કરાઈ હતી. ક્યુબાના પ્રથમ ઉપપ્રમુખ સલવાડોર મેસાએ હાલમાં જ ક્યુબાના ટોપના અધિકારીઓ સાથે વાત કરી હતી અને તેની સર્વિસને લઈને ઉઠી રહેલી ફરિયાદો અંગે વાત કરી હતી. આ વર્ષે મોટી સંખ્યામાં સ્થાનિક ફ્લાઈટો રદ કરવા સહિતના મુદ્દા પર વાત થઈ હતી. આ વિમાનોમાં ટેકનિકલ સમસ્યા ઘણા સમયથી આવી રહી હતી. આ મહિનાની શરૂઆતમાં જ કંપનીએ રશિયન બનાવટના છ એએન-૧૫૮ વિમાનોના ઉપયોગને બંધ કરવાનો નિર્ણય કર્યો હતો. ૨૦૧૭ બાદ ક્યુબામાં આ સૌથી મોટી વિમાન દુર્ઘટના છે. અગાઉ ૨૦૧૭માં પણ આવી દુર્ઘટના થઈ હતી. જેમાં તમામ લોકોનો મોત થયા હતા. વર્ષ ૨૦૧૦માં કોમર્શિયલ એરો કેરેબિયન વિમાન મધ્ય ક્યુબામાં દુર્ઘટનાગ્રસ્ત થતા તેમાં તમામ ૬૮ લોકોના મોત થયા હતા.

શપથવિધિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોડેથી રાજ્યપાલને મળી હતી અને સરકાર બનાવવાનો દાવો કર્યો હતો. કર્ણાટકના રાજ્યપાલ વજુભાઈ વાળાને મળ્યા બાદ કુમારસ્વામીએ કહ્યું હતું કે અમને માહિતી છે કે બહુમતી સાબિત કરવા માટે અમારી પાસે પુરતા ધારાસભ્યો છે. તમામ ધારાસભ્યો શપથ ગ્રહણમાં હાજર રહેશે. રાજ્યપાલ સમક્ષ સરકાર બનાવવાનો દાવો કરી દેવામાં આવ્યો છે. સોમવારે શપથ ગ્રહણની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. તમામ સાથે ચર્ચા બાદ મંત્રીમંડળની રચના કરવામાં આવશે. રાજ્યપાલ તરફથી બોલાવવામાં આવ્યા બાદ અમે દાવો કર્યો છે. સોમવારે બપોરે ૧૨ વાગ્યાથી એક વાગ્યાની વચ્ચે શપથ ગ્રહણ કાર્યક્રમ ચાલશે.

અદ્ધરતાલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામ અટવાયુ છે. લાંબા સમયથી આ દરખાસ્ત વિભાગ કક્ષાએ પેન્ડીંગ છે. સેકટરોમાં આંતરિક માર્ગોનુ કામ પાંચ વર્ષ પુર્વે હાથ ધરવામાં આવ્યુ હતુ. જયારે નિયત સમયથી વધુ ગાળાના અંતે કામગીરી હાથ ધરવામાં આવી હતી. જયારે જુના સેકટરોમાં પણ સરકારી વસાહત સહીતના આંતરિક માર્ગોની દશા સુધારવા માટે સ્થાનિકો દ્વારા વારંવાર માંગ ઉઠવા પામે છે. પરંતુ હજુ સુધી આ યોજનાનુ ઠેકાણુ પડયુ નથી. જુના સેકટરોમાં પણ માર્ગોની દશા બેઠી છે. જયારે સરકારી આવાસોના વિસ્તારમાં હજુ રસ્તા બન્યા નથી. શહેરના સે- ૬ થી ૮ માં રીંગ રોડ સહીતના રસ્તાઓ બનાવવા માટે અંદાજિત રૂ ૪.૫૦ કરોડના કામોને મંજુરી આપવામાં આવી છે. આ ઉપરાતં નગરના મુખ્ય ઘ અને ચ માર્ગનુ કામ પણ મંજુર કરી દેવાયુ છે.આગામી ચોમાસાના અંતે આ કામગીરી પણ પુર્ણ કરી દેવાશે. ત્યારે જુના સેકટરોમાં પણ આંતરિક માર્ગોની દશા સુધારવા માટે આગામી ચોમાસાના અંતે કામગીરી હાથ ધરાય તેવી માંગ ઉઠવા પામી છે.

પાર્કની જાળવણી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સહેલાણીઓની સંખ્યા વિશેષ હોવાથી પાર્કની જાળવણીનો મુદ્દો પણ મુખ્ય બની જાય છે. હરિયાળી લોન ઉપરાંત બાળકોના રમતગમતના સાધનો પણ પાર્કમાં જોવા મળી રહયા છે. તંત્ર દ્વારા સ્વર્ણિમ પાર્કની જાળવણીનુ કામ સોંપી દેવામાં આવ્યુ છે. આ અન્વયે રૂ ૨.૫૦ કરોડનો ખર્ચ થશે.